સંઘ ભાવનાને ફરી સંસ્થાપિત કરવાની સંઘર્ષ ગાથા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India

Dudhsagar The Pride of India

અંક - ૧૨ | જૂન - ૨૦૨૨ www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## વહિવટીય સુજબુજની અભૂતપુર્વ સફળતા : દૂધસાગરનું સ્થાનિક ગ્રામીણ બજાર દૈનિક

# ૫૫ હજાર લિટરને પાર




(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

દૂધસાગરના કાર્યક્ષેત્રમાં વિતેલા વર્ષો દરમ્યાન ખાનગી ડેરીઓનો રાફડો ફાટી નીકળવા પામ્યો હતો. એક સર્વે પ્રમાણે વિતેલા એક દશકમાં આપણા વિસ્તારમાં વિવિધ નાની - મોટી ૩૫ થી વધારે ખાનગી ડેરીઓએ પોતાનો કબજો ઉભો કરવામાં સફળતા મેળવી હતી. ૨૦૨૦-૨૧ માં દૂધસાગર ડેરીમાં વહિવટીય સત્તાના સૂત્રો બદલાયા બાદ ; નવા મેનેજમેન્ટે શ્રી.અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં ઉચ્ચ અધિકારીઓને સાથે રાખી આ દિશામાં મનોમંથન શરૂ કર્યું હતું. ત્યારબાદ, દૂધસાગરના તમામ અધિકારીઓએ ટેન્કરમાં બેસી ગામડાઓના બજારનો અભ્યાસ કરતાં માલૂમ પડ્યું કે ; આ ખાનગી ડેરીઓ આપણાજ કાર્યક્ષેત્રમાંથી દૂધસંપાદન કરી તેને દૂધની નાની થેલીઓ(ઢબુડી), છાશની નાની થેલીઓ અને મસાલા છાશ તથા દહીંના પેકિંગ કરી ઓછા ખર્ચે અહીંનો માલ - અહીં પધરાવી ભારે નફો કરતી હતી.

દૂધસાગર સાથે સંકળાયેલા લાખો પશુપાલકો અને સંસ્થાના અસ્તિત્વ માટે આ ખાનગી ડેરીઓના આધિપત્યને તોડવું એ અનિવાર્ય જરૂરીયાત બની ગઈ હતી અને આ માટે સંસ્થાના જાગૃત મેનેજમેન્ટના માર્ગદર્શન હેઠળ સંસ્થાના MD શ્રી.ધીરજકુમારના નેતૃત્વમાં એક એક્શન પ્લાન્ટ ઘડવામાં આવ્યો અને એ પ્રમાણે દૂધસાગરના સેલ્સ વિભાગ દ્વારા ગ્રામીણ બજારની માંગ વિશે અભ્યાસ કરી, તેમની જરૂરીયાત મુજબના છાશ, મસાલા છાશ, દૂધ અને દહીંના નાના પેકિંગ સાથે પ્રથમ દિવસે ગ્રામીણ બજારના નવા રૂટોની પસંદગી સાથે ૧૧૬ લિટર દૂધ છાશનું વેચાણ કરવામાં આવ્યું. સતત બજાર ઉપર નિષ્ણાતો દ્વારા નજર રાખવામાં આવી : અને ઉત્પાદન તથા વિતરણ વ્યવસ્થાના જરૂરીયાત પ્રમાણેના નકશાઓ બદલાતા ગયા. પ્રથમ દિવસથી જ દૂધસાગરના સેલ્સ વિભાગ દ્વારા ૨૦૨૨ ના વર્તમાન વર્ષના ઉનાળાના મે માસ સુધીમાં આ ગ્રામીણ વેચાણને દૈનિક ૫૦,૦૦૦ લિટર સુધી લઈ જવાનું લક્ષાંક નક્કી કરવામાં આવ્યું અને તે દિશામાં મહેનત આગળ વધારવામાં આવી. દિન પ્રતિદીન અમૂલ અને સાગર બ્રાન્ડની વિશ્વસનીયતા રંગ લાવતી ગઈ અને સતતના ધોરણે ધીમી પણ નક્કરગતી એ ગ્રામીણ બજારમાં દૂધસાગરની મહેનત પોતાનો પગદંડો જમાવવામાં સફળતા મેળવતી રહી પરિણામ સ્વરૂપ, આ ઉનાળામાં મહેસાણાની દૂધસાગર ડેરી દાયકાઓ બાદ દૂધ અને છાશના વેચાણમાં રોકેટ ગતીએ આગળ વધતી ગઈ અને આખરે તા.૧૩-૦૫-૨૦૨૨ ના રોજ મહેસાણા દૂધસાગર ડેરીના સેલ્સ વિભાગના લક્ષાંકને વટાવી આ વેચાણ દૈનિક ૫૦,૦૦૦ લિટર ને પાર કરી ૫૫,૩૦૧ લિટરને પહોંચી ગયું. આ બાબતે પશુપાલકોનું પ્રતિનિધીત્વ કરતી દૂધસાગર પત્રિકાની ટીમ આ ગ્રામ્ય બજારોના અભ્યાસ માટે પહોંચી ત્યારે, અમને જાણવા મળ્યું કે ખાનગી ડેરીઓ રૂા.૬ થી શરૂ કરી રૂા.૧૫ સુધીની વિવિધ દૂધની બનાવટો બજારમાં મૂકતી હતી. જેની સામે દૂધસાગર દ્વારા અગાઉ રૂા.૧૨ થી લઈ રૂા.૩૦ સુધીની બનાવટો ગ્રામીણ બજારમાં મૂકવામાં આવતી હતી. અહીંના સ્થાનીક લોકો સવાર અને સાંજની ચ્હા માટે નાના દૂધના પેકીંગ તથા થોડાક ખાટા સ્વાદની છાશની માંગ કરતા હતા. ફ્રીઝ અને અન્ય સુવિધાઓ વિનાના વર્ગ માટે આ ખરીદી પસંદગી પાત્ર હતી, તો બીજી તરફ ખેતરમાં રહેતા ઈંટવાળા અને વિવિધ લઘુ ઉધોગોમાં કામ કરતા મજૂર વર્ગ માટે ૩૦ દિવસ સુધી ના બગડે તેવા દૂધની ડિમાન્ડ હતી. દૂધસાગરના મેનેજમેન્ટે આ બાબતે ઝીણવટપૂર્વકનો અભ્યાસ કરી આ પ્રકારની પ્રોડક્ટસ્ બજારમાં મૂકવામાં આવતાં-દૂધસાગર અને અમૂલ બ્રાન્ડ ગ્રામીણ બજારમાં આ ઉનાળામાં ગ્રાહકોની પ્રથમ પસંદ બનવામાં અભૂતપુર્વ રીતે સફળ રહેવા પામી છે. દૂધસાગરના મેનેજમેન્ટ દ્વારા ગ્રામ્ય કક્ષાએ હાલમાં આ વેચાણ માટે ડિલરોની મદદથી એક ચોક્કસ વિતરણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે અને દૂધસાગર પત્રિકાના મોટા ભાગના વાંચકો આ ગ્રામ્ય બજારના હોવાથી અમો એ તમામ ડિલરોના નામ-રૂટ અને સંપર્ક નંબર આપી રહ્યા છીએ,આપ પણ આ ડિલરોનો સંપર્ક કરી આપની પ્રસંગોચીત જરૂરીયાત માટે દૂધસાગરની તમામ બનાવટો વ્યાજબી ભાવથી ઘરબેઠાં મેળવી શકો છો : શુધ્ધતાની સાથે દૂધસાગર અને તેના લાખો પશુપાલકોને પ્રોત્સાહિત કરી શકો છો.

# દૂધસાગરના ગ્રામીણ બજાર ના ડિલરોની યાદી

| અ.નં. | નામ | કાર્યક્ષેત્ર | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧ | જયદીપકુમાર જયંતિભાઈ | દેલા, કંસારાકુઈ, તાવડીયા, રંડાલા, ગઢા, મોટી દઉ, તળેટી, સવાલા, સોનેરીપુરા | ૯૮૭૦૦૪૪૯૧૧ |
| ૨ | આકાશકુમાર ગોવિંદભાઈ | ઉચરપી, ચિત્રોડીપુરા, ચિત્રોડા, મેઘાઅલીયાસણા, દેત્રોજપુરા, દેવરાસણ, રામપુરા(કૂ) રૂપાલ(કુ), કુકસ | ૯૯૯૮૪૫૬૭૬૯ |
| ૩ | મફાભાઈ ત્રિકમભાઈ | સાંગણપુર, આખજ, બદલપુરા(મેઉ) મેઉ, વિજયનગર, ચરાડુ, ધાંધુસણ, પઢારિયા, મુલસણ | ૮૯૮૦૨૧૫૫૨૩ |
| ૪ | ઉષાબેન નાગેન્દ્રકુમાર | મરેડા, રાણીપુરા, ઈજપુરા, ધનપુરા(કટોસણ), વિરસોડા | ૭૦૧૬૯૫૭૪૦૦ |
| ૫ | ભાવેશકુમાર દશરથભાઈ | ગંગાપુરા, વીરતા, છઠીયારડા, બુટ્ટાપાલડી | ૯૮૯૮૯૮૧૫૯૭ |
| ૬ | આરતીબેન કલ્પેશભાઈ | ગણેશપુરા(પુદ), પુદગામ, રામપુરા(કાંસા), થલોટા, રાજગઢ છોગાળા, કાંસા | ૯૯૦૯૦૫૧૧૨૯ |
| ૭ | પ્રિયંકાબેન હરેશભાઈ | છાબલીયા, ત્રાસવાડ, ભાલક, લક્ષ્મીપુરા(ભાલક), રાલીસણા, સુંસી, સેવાલીયા | ૯૯૭૯૨૧૧૯૨૨ |
| ૮ | કમલકુમાર માધુભાઈ | મલેકપુર, કમાલપુર, ખતોડા, રંગપુર, સુંઢીયા | ૯૪૦૮૫૫૭૬૯૦ |
| ૯ | નારાયણભાઈ હરગોવનભાઈ | ઉપેરા, જાસ્કા, મહેરવાડા, ખટાસણા, કહોડા, ભુણાવ, નમલી, દાસજ | ૯૪૨૬૫૯૧૬૩૯ |
| ૧૦ | વિષ્ણુભાઈ કાન્તીલાલ | કંકુપુરા, બાકરપુર, ગોઠવા, કમાલપુર(ગો)ઘાઘરેટ, કુવાસણા | ૯૯૧૩૯૮૯૩૬૩ |
| ૧૧ | જયેશભાઈ માનસંગભાઈ | પાલડી, હસનપુર, કિયાદર | ૯૭૨૬૪૭૫૦૧૪ |
| ૧૨ | બાબુભાઈ રામજીભાઈ | ધારુસણા, ધામણવા, કમાલપુર(ખ), ગણપતપુરા, ખરવડા, બેચરપુરા, રાવળાપુરા, સવાલા સદુથલા, કમાણા, પુરણપુરા, કડા, રાઠોડીપુરા, દઢીયાળ, રામપુરા(દ), લાછડી | ૯૯૭૯૨૧૧૯૨૨ |
| ૧૩ | હિરેન એમ. | મીયાસણા, નંદાલી, મંદ્રોપુર, બળાદ, માધુપુરા, ફતેપુરા, સંતોકપુરા, વિઠોડા, પાન્છા નાની હિરવાણી, મલેકપુર | ૯૦૧૬૮૪૦૬૪૩ |
| ૧૪ | દશરથભાઈ ભીખાભાઈ | થાગણા, મલેકપુર, સરદારપુર, મોટીહિરવાણી, ચાચરીયા, મછાવા, રામપુરા, નોરતોલ, મંડાલી લુણવા, વાવડી | ૯૭૨૫૫૨૧૭૬૫ |
| ૧૫ | નવનીતકુમાર અમરતભાઈ | અરઠી, વરેઠા, ડાલીસણા, ડાવોલ, કેશરપુરા, કભાડ, ચાણસોલ, મહિયલ, સાકરી | ૬૩૫૧૫૭૩૯૭૫ |
| ૧૬ | હરિભાઈ હીરાભાઈ | વેવેઈટ, રસુલપુર, સદીકપુર, સમોજા, શેખપુર, કેશીમ્પા, મોલીપુર, બાદરપુર, સિપોર, સરણા રેડ, લક્ષ્મીપુરા, ઊંઢઈ, શાહપુર, સુલતાનપુર, રાજપુર, સબલપુર, કહીપુર, કરબટીયા, પીમ્પલદાર, કલ્યાણપુરા, શોભાસણ, વલાસણા, ઉંડણી, ગણેશપુરા, સાગથળા, ગોરીસણા અંબાવાડા, દેલવાડા, મલારપુરા, વઘવાડી | ૭૬૦૦૪૮૨૧૫૧ |
| ૧૭ | અમિતકુમાર સુરેશભાઈ | ખટાસણા, મઢાસણા, આસ્પા, ચાડા, માલપુરા, કનેડીયા, ધારાવાણીયા, કેવડાસણ, રાધુપુરા, રંગપુર, હોટલપુર, હડોલ, જુની હડોલ, ખોડામણી, વાવડી, ધોળું | ૯૫૮૬૭૦૮૯૭૯ |
| ૧૮ | વિરૂબેન મહેશભાઈ | ટીમ્બા, આકલીયારા, નવાવાસ, સરતાનપુર, વાવ, ધરોઈ, ગોઠડા, સમરાપુર, ભાણાવાસ બેડસ્મા, મુમનવાસ, નેદરડી, વજાપુર, ડુંગરપુર, કુબડા, મુમન કુબડા, વાસડા, નાનીભાળું મોટા કોઠાસણા, નાના કોઠાસણા, સેમોર | ૭૬૨૧૦૧૪૧૯૯ |
| ૧૯ | વિનોદકુમાર લવજીભાઈ | ભાલુસણા, મોટીભાલુ, ઉમરી, ઓરડા, તાલેગઢ, મહમ્મદપુરા, તખતપુરા, રાણપુર, ચેલાણા વસાઈ, દુલાણા, ચીકણા, નવા સુદાસણા, જુના સદાસણા, ઉમરેચા, હિંમતપુરા, ભાટવાસ રીંછડા, પીરોજપુરા, ભીમપુર | ૯૫૭૪૫૧૧૯૦૪ |
| ૨૦ | ચિરાગકુમાર અમૃતજી | કેશરપુરા, મોતીપુરા, વસ્ત્રાપુર, તેજપુર, બાજપુર, ચિત્રોડીપુરા, ગલાલપુરા, કુડા, નળું, ચોટિયા લાલાવાડા, વઘાર, જશપુર, ખિલોડ, ઈશાકપુર, શાહપુર કંપા | ૭૯૯૦૦૩૬૩૯૫ |
| ૨૧ | પ્રીહાન જીતેન્દ્રકુમાર | ચરાડા, આનંદપુરા(સો), બાપુપુરા, ફતેહપુરા (મા), ગલથરા, હરણાહોડા, મકાખાડ, માણેકપુરા (માં), હિંમતપુરા (બી), ગોવિંદપુરા, પડુસ્મા, સમૌ, અંજનપુરા, અમરપુરા, ખરણા, પારસા ખાટાઆંબા, બોરુ | ૭૮૭૪૮૪૭૦૫૪ |
| ૨૨ | રાજેશભાઈ અંબાલાલ | પાલડી રાઠોડ, રીદ્રોલ, પાટણપુરા, આજોલ, આનંદપુરા(વેડા), પ્રેમપુરા(વેડા), વેડા, દેલવાડા પાલડીવ્યાસ | ૯૬૨૪૦૮૧૮૩૩ |
| ૨૩ | રાજુભાઈ ગણેશભાઈ | પુંધરા, લોદરા, કુવાદરા, વિજયનગર(કુ) અજરાપુરા, રંગપુર, હિંમતપુરા(લા), લાકરોડા ગુનમા, વરસોડા | ૯૭૨૩૨૧૫૮૨૧ |
| ૨૪ | હિમાંશુકુમાર અંબાલાલ | રામનગર(કો), કણભા, આદપુરા(વી), ગોવિંદપુરા, ધનપુરા, રામપુરા(કુ), ફતેપુરા(પી) ખણુસા, ભીમપુરા(ધ), સંઘપુર, સંકાપુરા, વજાપુર, ભાણપુર, ખડાત, મહુડી, પાંચવાસ, અનોડીયા, રણછોડપુરા, કનકપુરા, દેવપુરા | ૯૯૨૫૫૬૪૧૮૮ |
| ૨૫ | સાગર સેલ્સ એજન્સી | મડાલી(વી), ઉબખલ, અશનાપુરા(ગે), સોખડા, સયાજીનગર, વડાસણ, દગાવાડીયા, અસોડા, દેવડા, આનંદપુરા (કુ), કડા | ૯૪૨૮૪૬૧૧૭૫ |
| ૨૬ | મિલનભાઈ કનુભાઈ | ઉમીયાનગર, મોતીપુરા(ટી), ટીટોદણ, વસાઈ, મહાદેવપુરા(ડા), દેવીપુરા(ડા), ડાભલા, માણેકપુરા(ડા), રામપુરા(લા), લાછડી | ૯૪૨૮૪૬૧૦૩૭ |
| ૨૭ | વિવેકસિંહ કિર્તીસિંહ | અરજનપુરા, અલુવા, અમરપુરા(ગ્ર), ગ્રામભારતી, અંબોડ, દેલવાડ, બદપુરા, ઈશ્વરપુરા | ૯૫૭૪૪૫૪૬૮૨ |

# દૂધસાગરના ગ્રામીણ બજાર ના ડિલરોની યાદી

| અ.નં. | નામ | કાર્યક્ષેત્ર | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૨૮ | સીતપાલસિંહ અમાજી | ઈટલા, રામપુરા(આ), ચાંદીસણા, નાદરી, બાલવા, મુબારકપુરા, ગોબરપુરા, દેવતીપુરા, લીંબોદરા | ૬૩૫૧૭૭૧૩૦૫ |
| ૨૯ | યશકુમાર કેશાભાઈ | વિહાર, ગેરીતા, ગવાડા, મહાદેવપુરા(ગ), મોતીપુરા(ભા), માલોસણ, ઈભરામપુરા, ગુંછળી, મણીપુરા, ભાવસોર, મહાદેવપુરા(ગ) | ૯૧૦૬૭૨૮૨૮૩ |
| ૩૦ | ઝવેરભાઈ વેરસીભાઈ | મોરવાડ, બીલીયા, ખરોડ, મંડાલી, અબાસણા, જંત્રાલ, ઉમીયાનગર, કમાલપુર, બામણવા, મિરજાપુર, મલાવ, ગુંદરાસણ, પીરોજપુરા, કુદેડા, જુના કુદેડા | ૯૧૦૬૮૭૫૧૫૩ |
| ૩૧ | વિક્રમભાઈ મગનભાઈ | ગણેશપુરા, હીરપુરા, ગઢડા, આગલોડ, જેપુર, હાથીપુરા, ફલુ, હસ્નાપુર, સોજા(હ), માઢી, પેઢામમલી, સુંદરપુર, સરદારપુર | ૯૭૨૩૮૭૧૭૩૩ |
| ૩૨ | શિવમ બળવંતભાઈ | અનાવાડા, વડલી, ધારણોજ, દુધારામપુરા, ખાનપુરડા, દુનાવાડા, બેપાદર, વારેડા, ઓઢવા | ૬૩૫૪૧૯૯૩૨૨ |
| ૩૩ | જલ્પાબેન ભરતભાઈ | સુજનીપુર, ભૂતિયાવાસણા, નાયતા, કાંસા, વોળાવી, વધાસર, સરીયદ, ગોલીવાડા, ઉંદરા, સાંપ્રા, સોઢાવડ, લોધી, જામઠા, ખલીપુર, મેલુસણ, કાનોસણ, વાયડ | ૯૯૦૪૧૧૩૪૨૫ |
| ૩૪ | પિંકલ અતુલકુમાર | પાલડી, સાગોડીયા, અજીમાના, કોટવડ, વામૈયા, કિમ્બુવા, અબલુવા, ગોવાનીયાપુરા, હૈદરપુરા, મેસર | ૮૨૦૦૧૬૬૯૭૬ |
| ૩૫ | અતુલભાઈ જ્યંતીભાઈ | અઘાર, વડું, વદાની, જંગરાલ, રવિયાના, ગણેશપુરા, કોઈટા, એદલા, મોરપા, ચારૂપ, વાગડોદ | ૯૮૭૯૫૨૩૫૯૦ |
| ૩૬ | ભરતભાઈ એમ. | કતપુર, ખારી વાવડી, કુણઘેર, ખાનપુર, અડીય, ચંદ્રુમણા, કુરેજા, માલસુંદ, ભલાણણા, પીપલાણા, ભલગામ, સબોસણ | ૯૮૨૫૪૮૩૪૪૯ |
| ૩૭ | કિર્તીસિંહ પોપટસિંહ | રુની, હાજીપુર, ડેર, ડેરાસણા, કમલીવાડા, ચંદ્રાવતી, કની, અમૂઢ, સુણોક, લીંડી, નેદરા, કનેસરા, બ્રાહ્મણવાડા, વરવાળા, વિશોળ, ટુંડાવ, વીસલવાસણા, ડાભી, શીહીં, રૂવાવી, દીયોદરડા, વનાસણ, ચડાસના | ૯૬૬૨૨૫૦૩૩૪ |
| ૩૮ | પ્રિયાબેન રવિભાઈ | રૂપપુર, મીઠી વાવડી, સેવાળા, સેંધા, સેંધાલ, રામગઢ, ધરમોડા, ઈટોદા, મીઠી ધારીયાલ, મણીયારી, અજબપુરા, મેસરા, પંચાસર, ટાકોદી | ૯૮૯૮૪૯૨૬૭૨ |
| ૩૯ | પુરીબેન મહેન્દ્રભાઈ | કંબોઈ, દેલમાલ, ખાંભેલ, અંબાલા, મંડાલી, ચંદ્રોડા, સુરપુરા, વેણપુરા, સપાવાડા, આદીવાડા, ડોડીવાડા, શંખલપુર, સુરજ | ૯૬૩૮૯૯૨૧૬૭ |
| ૪૦ | મુદ્રાબેન હેમંતભાઈ | ખોરસમ, ભાટસર, મંડલોપ, ધમીસા, ભાટવાસણા, બ્રાહ્મણવાડા, વડાવલી, અંબીકાપરા, કારોડા, જસલપુર | ૯૮૨૪૧૫૩૪૮૩ |
| ૪૧ | ભરતભાઈ બાબુભાઈ | વાગોસણ, તંબોડીયા, સોઢવ, પાલોલી, ગોવના, જશોમાવ, જમણપુર, દાંતરવાડા, અરીઠા, બૂડા, ગાલ્લા (રસુલપુરા) | ૯૮૭૯૩૦૦૯૯૦ |
| ૪૨ | ભરતભાઈ બાબુભાઈ | બોરતવાડા, જુનામીકા, નાણા, વેજુવાડા, રીડા, રૂગનાથપુરા, જસવંતપુરા, ખાખલ, દુધાના, કાતરા, અકલવા, સરવાલ, વાદીવસાહત | ૯૮૭૯૩૦૦૯૯૦ |
| ૪૩ | યશકુમાર લક્ષ્મણભાઈ | કાઠવાડા, ઝીલવાણા, માત્રાટા, સુજુપુરા, મુબારકપુરા, ગુજરવાડા, જલાલાબાદ, સમીહાઈવે, વાવલ, સીનોર, નાયકા, બજનીયાપરુ, દુદખા, ઉપલીયાસર, વાઘપુરા, ભદ્રાડા, કનીજ, દાઉદપુર, માંડવી, વરાણા | ૯૯૯૮૮૬૪૬૮ |
| ૪૪ | હિતેશકુમાર માનાભાઈ | જાસ્કા, ખાખાબડી, મુજપુર, ટુવડ, કુવારદ, રણોદ, રૂની, જેસડા, મોટીચંદુર, કાઠી, પાલીપુર, રવદ, તારોરા | ૯૬૬૨૫૮૨૪૩૦ |
| ૪૫ | જગદીશભાઈ રણજીતજી | કુકરાણા, ઓરુમણા, મનવરપુરા, લોટેશ્વર, ખીજડીયારી, લોલાડા, સીપર, કુંવર, સુબાપુરા, તારાનગર, નાની ચંદુર, મેમણા, પીરોજપુરા | ૮૧૨૮૪૩૨૩૭૬ |
| ૪૬ | મેહુલ જેસંગભાઈ | ઉંટવા, વડપુરા, ખેરપુર, નવાપુરા, ધુમાસણ, ગણેશપુરા, ચાંદરડા, ધારપુરા | ૯૧૭૩૦૭૩૭૩૨ |
| ૪૭ | રોશની | ઈસંડ, પાનસર, મોખાસણ, પલીયડ, આરસોડીયા, ઓળા | ૯૯૦૪૮૦૦૬૦૦ |
| ૪૮ | જયરાજસિંહ અભેસિંહ | આનંદપુરા, ડાંગરવા, જુલાસણ, વડું, નારોલા, ડીન્ગુચા, કોઠા | ૬૩૫૫૭૧૭૬૩૮ |
| ૪૯ | જશવંતજી વરવાજી | જાદવપુર, દેવુસણા, સાદરા, ઢોરીયા, જીવાપુરા, ચારોલ, વિસતપુરા, ગલોદરા, સેદ્રાણા, થાડોદ, બાબજીપુરા, રણછોડપુરા | ૯૦૧૬૭૧૮૬૩૩ |

# સાગર મંથન

Leader Manager

**કોઈપણ સંસ્થા પોતાના કર્મચારીઓની એકતા, સમજ અને કામવૃત્તિથી પોતાનું ભવિષ્ય નિર્માણ કરતી હોય છે. દૂધસાગર ડેરી એ લાખો પશુપાલકો - દૂધ મંડળીઓના પ્રમુખ મંત્રીઓ - દૂધસાગરના હજારો કર્મચારીઓ અને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે અનેક લોકો સાથે જોડાયેલી છે ત્યારે આ અંકથી એમના મનની સમસ્યાનું નિષ્ણાત અધિકારીઓ દ્વારા સમાધાન મળે તે આશય થી અમે ઉપલબ્ધ છીએ : સાગરમંથન કોલમથી ...**

**પ્રશ્ન : દૂધસાગર જેવી સહકારી સંસ્થા ના મેનેજર તરીકે સાથી કર્મચારીઓ પ્રત્યે કેવું વર્તન હોવું જોઈએ ? ( શૈલેષ કે. માલવિયા : ઈન્ચાર્જ રેફ્રિજરેશન વિભાગ)**

જવાબ : મેનેજર એ પોતાના વિભાગનો વડો હોય છે. ઘરમાં જે કામ એક વડિલનું હોય એ કામ ઓફિસમાં મેનેજરનું હોય છે ! સંઘના નિયમો અને નિતીઓનું પાલન કરાવવું, રોજના કામોનું અયોજન કરવું, સંસ્થાકીય શિસ્ત જાળવવી, પોતાના કર્મચારીઓ સાથે માનવીય વલણ દાખવવું અને ઉષ્માપૂર્ણ વ્યવહાર દ્વારા તંદુરસ્ત વાતાવરણનું નિર્માણ કરવું એ એક મેનેજરનું કામ છે. મેનેજર એક ઉત્તમ લીડર હોવો જોઈએ જેણે પોતાના સાથી કર્મચારીઓને નેતૃત્વ પૂરું પાડવાનું હોય છે. આ નેતૃત્વની સફળતાની આધારશીલા સમભાવ અને સંવેદના છે. પોતાના તાબા હેઠળના કર્મચારીઓ પ્રત્યે વ્હાલા-દવાલાની નિતી ના રાખતાં સૌને પોતાની આવડત અને લાયકાત મુજબ કામ આપી એના કામમાં તે વધુમાં વધુ રસ લે તેવા વાતાવરણનું નિર્માણ કરી તાલીમ આપવી જોઈએ. કર્મચારીઓ મેનેજરની વાણી અને વર્તનનું તથા તેમના હલનચલન, જીવનશૈલી અને વેશપરિધાન સાથે તેમના આચાર અને વિચારનું અનુકરણ કરીને સાથે-સાથે તાદાત્મય અનુભવે છે. યાદ રાખો : મેનેજરના ઉચ્ચ ચરિત્ર અને નૈતિક ગુણોનો પ્રભાવ કર્મચારીઓ ઉપર પડે છે. મેનેજરના આચાર અને વિચાર સરખા હોવા જોઈએ. મેનેજરે કર્મચારીઓનો યોગ્ય વિશ્વાસ સંપાદિત કરવો જોઈએ. કર્મચારીઓની સમસ્યાઓ તરફ સહાનુભૂતિભર્યું વલણ રાખી તેમને વિશ્વાસમાં લઈને સમસ્યાઓનો ઉકેલ શોધવા પ્રયાસ કરવો જોઈએ અને સૌ સાથે સન્માનપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. એક મેનેજરમાં યોગ્ય નિર્ણય લેવાની શક્તિ અને સંસ્થાના વિકાસ માટેની દિર્ઘદ્રષ્ટિ હોવી જોઈએ. સંસ્થાની જરૂરીયાત મુજબ પોતાના ધ્યેય નક્કી કરીને તમામ કર્મચારીઓને એ દિશામાં વાળવા જોઈએ અને એક ટીમની જેમ તે ધ્યેય સિધ્ધ કરવા પોતાના તમામ પ્રયાસ કરવા જોઈએ. ગુણવત્તા અને સલામતીના ધોરણો જાળવવા કર્મચારીઓને સતત પ્રોત્સાહિત રાખવા જોઈએ અને દરેક કર્મચારીની ખૂબીઓ જાણીને એ મુજબનું કામ આપવું જોઈએ. એની ખામીઓને સુધારવા યોગ્ય તાલીમ આપવી જોઈએ તથા પોતાના વિભાગમાં સંઘર્ષને ટાળવાની કોશિષ ના કરતાં તેનું હંમેશા માટે પરિસ્થિતિ અસહ્ય બને તે પહેલાં નિરાકરણ લાવવાની એક ઉત્તમ મેનેજરમાં તૈયારી હોવી જોઈએ.

**પ્રશ્ન : આપણી દૂધસાગર ડેરીને સમૃધ્ધ કરવા માટે એક કર્મચારી તરીકે હું શું ફાળો આપી શકું ? (આશિષ એચ. ચૌધરી - શિફ્ટ એન્જિનીયર, પાવડર વિભાગ)**

જવાબ : સૌ પ્રથમ તો દરેક કર્મચારીએ સમજી લેવું જોઈએ કે આપણી નોકરી શા માટે છે ? અને કોના માટે છે ? આ સંસ્થાનો પાયો એટલે દૂધ ઉત્પાદક ! એના કારણે જ આપણી નોકરી છે. એટલે, દૂધસાગર જેવી મહાન સંસ્થાના ઉત્કર્ષ માટે એક કર્મચારી તરીકે શક્ય એ તમામ પ્રયત્ન કરવા જોઈએ. કર્મચારીએ પારદર્શકતા અને નિતીમત્તાથી કામ કરવું જોઈએ, આ સંસ્થા આપણી છે આપણે સતત યાદ રાખવું જોઈએ કે ; લાખો કરોડો લોકો નોકરી માટે વલખાં મારે છે અને આપણને નોકરી મળી છે તો એને પૂરી ઈમાનદારી થી નિભાવો. કામમાં આળસ કે કામચોરી ના કરવી જોઈએ. આપણને સોંપવામાં આવેલ કામગીર ખંતપૂર્વક કરવી અને સમયસર કામે આવી જવું તથા કામના સમય દરમ્યાન પારકી પંચાતમાં પડવું ના જોઈએ. આપણા જ્ઞાનને સતત અપડેટ કરતાં રહેવું જોઈએ ; કારણ કે દુનિયામાં ટેક્નોલોજી સતત બદલાતી રહે છે અને આપણે એના સૂસંગત ના રહીએ તો અપ્રસ્તુત બની જઈએ છીએ માટે બદલાવને સહજતાથી સ્વીકાર કરો. આપણી કરકસરની ટેવ થકી પણ આપણે સંસ્થાને મહાન યોગદાન આપી શકીએ છીએ જેમ કે ; જરૂરી ના હોય ત્યારે લાઈટ અને પંખા બંધ રાખવા, પાણીના નળ ખુલ્લા દેખાય તો બંધ કરવા, કામના સ્થળ ઉપર સ્વચ્છતા જાળવવી અને ઓછામાં ઓછો બગાડ થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. જે ટાસ્ક સોંપવામાં આવે તેને ઈમાનદારીથી નિભાવવો જોઈએ અને કોઈકામ ના આવડે તો તે શીખવાનો સતત પ્રયત્ન કરવો જોઈએ. એક ટીમ વર્કથી કામ કરવું જોઈએ. પોતાના કાર્યસ્થળમાં ઘણી પરિસ્થિતીઓ કર્મચારીઓ માટે નૈતિક મૂંજવણો ઉભી કરી શકે છે અને ઘણી વાર હિતોની જાળવણી સંઘર્ષનું રૂપ પણ લઈ શકે છે. આવા સમયે આપણા ઉપરી અધિકારી અને સાથી કર્મચારીઓ પ્રત્યે શાલિનતા અને સૌહાર્દપૂર્ણ વ્યવહાર રાખવો જોઈએ. દરેક કર્મચારી જો એક જ દિશામાં સમર્પણ ભાવથી કામ કરશે તો આપો આપ સંસ્થાનું દરેક કામ પોતાનું લાગશે અને આ દૂધ સંઘના વિકાસને કોઈ રોકી નહીં શકે !! **(સાભાર : અશ્વિન વી. ચૌધરી-મેનેજર શ્રી દૂધસાગર ડેરી)**




## દૂધસાગર ડેરીના વાઈસ ચેરમેન પદે સર્વાનુંમતે શ્રીમતી. જશીબેન રાજાભાઈ દેસાઈ ની પસંદગી

ગત તા.૨૩ મે ના રોજ આયોજિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દૂધસાગર ડેરીની પ્રાંતઅધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં સર્વાનુમતે સહકારી ઉચ્ચ ભાવનાઓને સાકાર કરતાં કડી બ્લોકમાંથી ડિરેક્ટર તરીકે ચૂંટાયેલા કાસ્વા ગોગ ધામના રાજા ભુવાજીના ધર્મ પત્ની શ્રીમતી. જશીબેન રાજાભાઈ દેસાઈની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ; અગાઉ દૂધસાગર ડેરીના ચાણસ્મા બેઠકના ડિરેક્ટરશ્રી તથા વાઈસ ચેરમેનશ્રી. અમરતભાઈ માધાભાઈ દેસાઈએ સ્વેચ્છાએ રાજીનામું આપતાં આ પદ ઉપર મહિલા સન્માનની સાથે સહકારીતાના શ્રેષ્ઠ મૂલ્યોની જાળવણી કરતાં આ પસંદગીનો કળશ શ્રીમતી. જશીબેન ઉપર ઢોળાયો છે.

# ડેરી ઉદ્યોગમાં દોસ્ત બનીને આવેલ

## બલ્ક મિલ્ક કુલર ની સાચી સંભાળ એટલે આ ધંધાને ચાર ચાંદ !!



આજના વૈશ્વીકરણ અને હરિફાઈના યુગમાં દૂધની ગુણવત્તા ખૂબજ મહત્વની છે. વિશ્વ હરિફાઈ માં ટકવા માટે આંતરરાષ્ટ્રીય ધારાધોરણોનો અમલ કરવો ફરજીઆત છે. જે માટે દૂધની જૈવિક ક્ષમતામાં સુધારો કરવો આજના સમયની માંગ છે. દૂધની અંદર આપણે નરી આંખે જોઈ ના શકીએ એવા સુક્ષ્મ બેક્ટેરિયા હોય છે. જે સમય જતાં દૂધને બગાડે છે. દૂધમાં રહેલા જીવાણુંઓને દૂધમાંથી ખોરાક અને પાણી મળી રહે છે. જે આપણે અટકાવી શકતાં નથી. પરંતુ, દૂધ દોહ્યા બાદ તરત ઠંડુ કરવામાં આવે તો તેમાં બેક્ટેરિયાની વૃધ્ધિ અટકી જાય છે પરિણામે દૂધની ગુણવત્તા વધુ સમય સુધી ટકી રહે છે. માટે, આપણે મંડળીઓ ઉપર બલ્ક કુલર વસાવીએ છીએ. બલ્ક કુલરમાં દૂધ તાત્કાલિક ઠંડુ થઈ જવાથી સુક્ષ્મ જીવાણુંઓની વૃધ્ધિ અટકી જાય છે અને દૂધની ગુણવત્તા જળવાઈ રહે છે.

પરંતુ ; ક્યારેક દૂધ મંડળીના કર્મચારીઓની ગેરસમજ અથવા બેદરકારીના કારણે બલ્ક કુલરમાં દૂધ ખાટું થવાના બનાવો ધ્યાનમાં આવતા હોય છે. આ બનાવો રોકવા તથા બલ્ક કુલરની કાળજી અને દૂધની ગુણવત્તાની જાળવણી રાખવા આપણે શું કાળજી રાખી શકીએ ? કે જેનાથી ; દૂધની ગુણવત્તાની સાથે મંડળીને થતા આર્થિક નુકશાનથી બચી શકીએ. આવો : એની વિગતે આજે ચર્ચા કરીએ.

- બલ્કકુરમાં દૂધ ભરાયા પછી દૂધનું તાપમાન ૩.૮° સેલ્સીયસ આવે ત્યાં સુધી એક કર્મચારી મંડળીમાં ફરજીયાત હાજર રહે તેવી વ્યવસ્થા કરવી.
- દૂધનું તાપમાન ૩.૮° સેલ્સીયસ આવે ત્યાં સુધી...
  - એજીટેટર મોટર (વલોણું) ચાલુ રહે તેનું ધ્યાન રાખવું.
  - કોમ્પ્રેસર તમામ પંખા ગરમ હવા બહાર કાઢે છે કે નહીં તેનું સતત અવલોકન કરતા રહેવું.
  - ટેમ્પરેચર મીટરમાં દૂધના તાપમાનમાં ઘટાડો થતો રહે છે કે કેમ, તેનું ધ્યાન રાખવું.
- બલ્કકુલર ટેંકના દૂધનું તાપમાન ચકાસવા માટે, સેલ્સીયસ ડિજીટલ થર્મોમીટર (C°) નો જ ઉપયોગ કરવો, મરક્યુરી થર્મોમીટરનો ઉપયોગ કરવો નહી. ડિજીટલ થર્મોમીટરના કેલીબ્રેશન/માપ-આંકણી(ક્રોસ ચેક) કરવા માટે આલ્કોહોલવાળા થર્મોમીટરનો ઉપયોગ કરવો.
- દૂધનું તાપમાન ૩.૮° સેલ્સીયસ આવે ત્યારે બલ્કકુલર ટેન્કનું ઉપરનું ઢાંકણું (મેનહોલ) ખોલીને દૂધના ઉપરના ભાગેથી સેમ્પલ લઈ ડિજીટલ થર્મોમીટરથી દૂધનું તાપમાન ચેક કરવું. થર્મોમીટરનું દૂધનું તાપમાન ૩.૮° સેલ્સીયસ થી વધારે હોય તો સંઘમાં તાત્કાલીક જાણ કરવી, જેથી ટેમ્પરેચર ઈન્ડીકેટરનું કેલીબ્રેશન તાત્કાલીક ધોરણે કરી શકાય.
- સવારે મંડળીમાં પ્રવેશી કર્મચારીએ બલ્કકુલર ટેન્કમાં બીજા ટંકનું દૂધ નાખતા પહેલાં આગળના ટંકના દૂધનું ટેન્કના ઉપરના ભાગેથી સેમ્પલ લઈ દૂધનું તાપમાન ૩.૮° સેલ્સીયસ ચકાસવું તથા દૂધને સુંઘવું, ચાખવું કે જરૂર જણાય તો દૂધને ગરમ કરી, દૂધ ફાટી જાય છે કે કેમ તેની ચકાસણી કરવી. જો પ્રથમ ટંકનું દૂધ સારું હોય તો જ બીજા ટંકનું દૂધ ટેન્કની અંદર નાખવું અન્યથા બન્ને ટંકના દૂધના કેન અલગથી ભરી, નજીકના ચીલીંગ સેન્ટર પર તાત્કાલિક મોકલી આપવા.
- બલ્કકુલર ટાંકીમાં ઠંડો ગેસ ફક્ત ટાંકીના નીચેના ભાગે જ ફરતો હોય છે આમ ટાંકીમાં ફક્ત નીચેનું દૂધ જ ઠંડું થતું હોય છે. એજીટેટર (વલોણું) ની મદદથી દૂધ મીક્સ થતું હોવાથી ટાંકીના ઉપરના દૂધને ટાંકીના નીચેના દૂધની ઠંડક મળતી હોય છે. એજીટેટર મોટર (વલોણું) બંધ થઈ જાય તો ટાંકીમાં નીચેના ભાગે બરફ થઈ જતો હોય છે તથા ટાંકીના ઉપરના ભાગનું દૂધ ઠંડું ન થવાના કારણે બગડી જતું હોય છે. આમ, એજીટેટર મોટર (વલોણું) ચાલું છે કે નહીં તે દર અડધા કલાકે સતત ચેક કરતા રહેવું કારણ કે અમુક સમયે એજીટેટર ક્વોટર પીન તુટી જવાથી મોટર ફરતી દેખાતી હોય છે પણ એજીટેટર(વલોણું) ટાંકી ની અંદર પડી ગયેલું હોય છે. એજીટેટર મોટર બંધ થઈ જાય તો કામચાલઉ દૂધને મિલ્ક પંપથી ટાંકીમાં એસએસ પાઈપ મારફતે સરક્યુંલેટ કરવું. પાંચ મીનીટ સરક્યુંલેશન ચાલુ રાખવું તથા પાંચ મીનીટ સરક્યુંલેશન બંધ રાખી દૂધનું તાપમાન ૩.૮° સેલ્સીયસ આવે નહી ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રાખવી. દૂધનું તાપમાન ૩.૮° સેલ્સીયસ આવ્યા પછી દૂધના ઉપરના ભાગેથી સેમ્પલ લઈ થર્મોમીટરથી દૂધનું તાપમાન ક્રોસ ચેક કરવું. સરક્યુલેશન કરવામાં જોખમ જણાય તો તાત્કાલિક દૂધ કેનમાં ભરી નજીકના ચીલીંગ સેન્ટરે રવાના કરવું.
- બલ્કકુલર ટેન્કમાંથી ટેન્કરમાં દૂધ ભરવા માટેની હોસ પાઈપની છેડે સ્ટીલની બંધ ડમી(બંધ બૂચ) ફરજીયાત લગાવવી જેથી હોસ પાઈપમાં ગરોળી, દેડકા જેવા જીવજંતુઓ પ્રવેશી ના શકે. જો બંધ ડમી ખરાબ થાય કે ખોવાઈજાય તો મંડળીના ઓર્ડર ફોર્મથી નજીકના સોસાયટી સ્ટોરમાંથી અથવા બલ્કકુલર સર્વિસ કોન્ટ્રાક્ટર પાસેથી મેળવી લેવી અને હોસપાઈપના છેડે લગાવવી તથા હોસ પાઈપ નિયમિત સાફ કરવી.
- બલ્કકુલર ટેન્કની ગરમ પાણી અને કેમિકલથી કરવામાં આવતી અંદરની સફાઈ તથા એસ.એસ.પાઈપ, ઓન લાઈન ફીલ્ટર તેમજ તમામ એસ.એસ.વાલ્વ, વેઈંગ બાઉલ અને ડમ્પ ટેન્કની સફાઈ બરાબર થતી ના હોય તો દૂધ બગડવાના સંજોગો ઉભા થાય છે. જેથી સંઘ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ કેમીકલનો જરૂરી માત્રા સાથે નિયમ મુજબ સફાઈ કરાવવા ખાસ ધ્યાન રાખવું. ગરમ પાણીનું તાપમાન ૫૮° થી ૬°સેલ્સીયસ હોવું જરૂરી છે.
- બલ્કકુલર કંપની બલ્કકુલર ટેન્કનો કેલીબ્રેશન ચાર્ટ (કોઠો) અને ગેજ પટ્ટી (ડીપસ્ટીક) ફક્ત એક જ વખત આપે છે કેલીબ્રેશન ચાર્ટની પાંચ ઝેરોક્ષ કરી મંડળીના સિક્કાથી પ્રમાણીત કરી લેમીનેશન કરી તેનો ઉપયોગ કરવો. ઓરીજીનલ કેલીબ્રેશન ચાર્ટ લેમીનેશન કરાવી ફાઈલમાં વ્યવસ્થિત મુકવો. ગેજ પટ્ટીનો ઉપયોગ અને જાળવણી પણ વ્યવસ્થિત રીતે કરવી. એક થી વધારે ગેજ પટ્ટી (ડીપસ્ટીક) મંડળીમાં હોય તો સંઘમાં ફરજિયાત જમા કરાવવી.
- બલ્કકુલર સફાઈ માટે ગરમ પાણી ખૂબ જરૂરી છે અને તે માટે વોટર હીટર સીસ્ટમ મંડળી પર ગોઠવવામાં આવેલ છે. તો જે મંડળીઓ સોલર સીસ્ટમનો ઉપયોગ કરતી હોય તેવી મંડળીઓએ સોલર સીસ્ટમને લગતી ફરીયાદ નિવારણ માટે કોન્ટ્રાક્ટર તથા સંઘમાં ૮૧૨૮૬૭૪૦૦૨ નંબર પર ફરીયાદ નોંધાવવી.

(સૌજન્ય : અશ્વિન ચૌધરી, મેનેજર - મિલ્ક પ્રોક્યોરમેન્ટ, પ્રોજેક્ટ એન્ડ વીજીલન્સ)

## વાત દૂધસાગરના વર્તમાનની નજર ડેરીના ભવિષ્ય તરફ ...

# સાગરના શ્રેષ્ઠ દૂધઉત્પાદકો સાથે ચેરમેનશ્રીની ચ્હા ઉપર ચર્ચા



**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)** તાજેતરમાં મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ ના વડાશ્રી. અશોકભાઈ ચૌધરીના આગ્રહને માન આપી દૂધસાગર ડેરીમાં વર્તમાન વર્ષે સૌથી વધુ દૂધ ભરાવનાર દશ પશુપાલકો પૈકી સાત પશુપાલકોએ પોતાનો સમગ્ર દિવસ મહેસાણાની દૂધસાગર ડેરીના પ્રટાંગણમાં વિતાવ્યો હતો. મહેસાણા દૂધસંઘમાં વાર્ષિક લાખો કરોડો રૂપિયાનું દૂધ ભરાવતા આ પશુપાલકોમાં ચૌધરી રાજીબેન જયેશભાઈ (બાપુપુરા), દેસાઈ સેજલબેન કલ્પેશભાઈ (ઈટોદા), ચૌધરી પરથીભાઈ ચેલાભાઈ (ઉમરી), પટેલ સબ્બીરભાઈ વલીભાઈ (આદર્શ કેસીપા), પટેલ હંસાબેન પંકજભાઈ (દેલવાડા), ચૌધરી અંબાબેન પ્રહલાદભાઈ (રાજપુર વડ) અને ભરવાડ સામંતભાઈ મહાદેવભાઈ (ગલોદરા) ઉપસ્થિત રહ્યા હતા. તેઓની સાથે વાત કરતાં ; ચેરમેનશ્રી.અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું કે અમો આપની પાસે આજે શીખવા બેઠા છીએ. આવનાર ભવિષ્યમાં આ વ્યવસાયને સફળતાના નવા શિખરો તરફ લઈ જઈ શકાય એ માટે વર્તમાનમાં દૂધસાગર ડેરીને આપની જરૂર છે. હળવા વાતાવરણ વચ્ચે થયેલી આ વૈચારીક આપ લે દરમ્યાન મોટા તબેલા અને પશુધન ધરાવતા આ પશુપાલકોએ ખાણદાણ, બીજદાન અને દૂધની ગુણવત્તા ઉપર પોતાની કાર્યશૈલીથી ચેરમેનશ્રીને વાકેફ કર્યો હતા. તો, બીજીતરફ સંસ્થાના વિવિધ વિભાગના અધિકારીઓએ સંઘ દ્વારા અપાતી સુવિધાથી પશુપાલકોને અવગત કરાવ્યા હતા. આ મૂલાકાત દરમ્યાન પશુપાલકો સાથે વાત કરતાં શ્રી.અશોકભાઈ ચૌધરીએ આહવાન કર્યુ કે ; આપ મોટા દૂધ ઉત્પાદકો - નાના દૂધ ઉત્પાદકો માટે રોલ મોડલ બની શકો તેમ છો. તેઓ જણાવ્યું કે ડેરીના અધિકારીઓ કરતાં આપની વાતમાં પશુપાલકો વધુ વિશ્વાસ મુકશે અને આ હેતું થી જ તમને દૂધસાગરના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવા અહીં બોલાવ્યા છે. તમારા પ્રયોગો અને તમારા અનુભવો જ વિસ્તારના પશુપાલકો માટે આગળ વધવાનો નવો માર્ગ બનાવશે. મહેસાણા દૂધસંઘની તમામ તૈયારીઓ છે - તમારી પડખે ઉભા રહેવા માટે !! આવનાર ભવિષ્યમાં દૂધસાગર અને તેના પશુપાલકોને સમૃધ્ધ કરવા આપણે પશુપાલનને કોમર્શિયલ બેઝ ઉપર લઈ જવું પડશે. હવે, પશુપાલન એ ઘર ચલાવવા માટે નહીં પરંતુ, સમૃધ્ધ થવા લોકો અપનાવતા થાય તેવા વાતાવરણનું નિર્માણ કરવું પડશે અને તે માટે તમારા જેવા શ્રેષ્ઠ પશુપાલકો દૂધસાગર ડેરીને મદદરૂપ થઈ શકે તેમ છે. તેથી, હવે પછી આપના માધ્યમથી જ પશુપાલકોમાં જાગૃતિ આવે એ રીતે હું અને મારી ટીમ કામ કરવા માગીએ છીએ. આ મુલાકાત દરમ્યાન સંસ્થાના MD, ED તથા CS વિભાગના અધિકારીઓ તથા વેટરનરી વિભાગ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## પાલવે ખેતર પડતર - ના પાલવે જાનવર પડતર

## દૂધસાગર અને ફેડરેશનના ઉપક્રમે

# પશુ પ્રજનન ક્ષમતા સુધારણા કાર્યક્રમની શરૂઆત



પડતર પશુ આ યુગમાં પણ પશુપાલક માટે એ મોટી સમસ્યા છે અને પશુપાલનના ધંધામાં દૂધનો નફો બિન ઉત્પાદક પશુને કારણે દેખાતો નથી. ૨૦૦૭ માં બિન ઉત્પાદક પશુઓનું પ્રમાણ આપણા વિસ્તારમાં ૨૪ % હતું. ત્યારબાદ, દૂધસાગર અને ફેડરેશનના સંયુક્ત પ્રયત્નોથી **પ્રજનન ક્ષમતા સુધારણા કાર્યક્રમ** ની શરૂઆત કરવામાં આવતાં આ સંખ્યા અત્યારે ૧૩% રહેવા પામી છે - જે હજી પણ ઘણી વધારે ગણી શકાય. છેલ્લા ૧૪ વર્ષથી કરવામાં આવતા આ કેમ્પ શત પ્રતિશત ત્યારે સફળ ગણાય જ્યારે આ સંખ્યા ૨ થી ૩ ટકા સુધી લઈ જવામાં આપણે સફળ રહીએ. તાજેતરમાં દૂધસાગર ડેરી દ્વારા આપણા કાર્યક્ષેત્રમાં આ કેમ્પ ચાલી રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત દરેક દૂધમંડળીમાં બે થી અઢી મહિનાના અંતર વચ્ચે ચાર પશુ વંધ્યત્વ નિવારણ કેમ્પ કરવામાં આવે છે. આ માટે દૂધ મંડળીનો સાથ અને સહકાર ખૂબ જરૂરી ગણાય છે. દૂધ પ્રાપ્તીના ક્રમ પ્રમાણે આ કેમ્પ માટે ગામની પસંદગી કરવામાં આવે છે. અને આ કાર્યક્રમની શરૂઆત ગ્રામસભાથી કરવામાં આવે છે. આ દરમ્યાન પશુ માલિકોને આ યોજનાની સમગ્ર રૂપરેખા સમજાવી ગામમાં કામ કરતાં બીજદાન કર્મચારીને સાથે રાખી જે પાડી - વાછરડી મોટી ઉંમર થયા પછી પણ ગાભણ ના થઈ હોય અથવા જે ગાય અને ભેંસ વિયાણના ૧૦ થી ૧૨ મહિના થયા પછી પણ ગાભણ ના થતી હોય અને દૂધ ના આપતા હોય તેવા પશુઓને પસંદ કરી વૈજ્ઞાનીક ઢબથી દૂધસાગરના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા પ્રજનન ક્ષમતા સુધારવા માટે પ્રયત્નો હાથ ધરાય છે. પડતર પશુ રહેવાના અનેક કારણો નિષ્ણાતો જણાવી રહ્યા છે. જેમાં, મુખ્ય બાબત પશુઓના પોષણની આવે છે. પોષણયુક્ત આહાર તથા ખનીજ દ્રવ્યો તે પશુપોષણ માટેના મુખ્ય ઘટકો છે. જે પશુને ઉછેર દરમ્યાન - વિયાણ પહેલાં - વિયાણ પછી આપવા ખૂબ જરૂરી હોવાનું ડૉક્ટર જણાવી રહ્યા છે. આ પશુ પ્રજનન ક્ષમતા કાર્યક્રમથી દૂધસાગરના કાર્યક્ષેત્રમાં ગાભણ પશુઓનો દર વધવા પામ્યો છે. તેથી **પશુપાલકો આ સમસ્યાના ઉકેલ માટે દૂધસાગરનો સહયોગ કરે તેવી ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરીએ દૂધસાગર પત્રિકાના માધ્યમથી અપીલ કરી છે.**

| વિગત | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
|---|---|---|---|---|---|
| મંડળી | ૩૬૪ | ૩૬૩ | ૩૬૪ | ૩૬૪ | ૩૭૯ |
| પડતર પશુઓ | ૪૫૩૮૦ | ૪૪૮૪૯ | ૪૪૫૨૭ | ૪૫૪૦૫ | ૪૪૮૨૦ |
| કેમ્પમાં આવેલ પશુઓ | ૩૧૭૭૫ | ૩૩૨૪૮ | ૩૧૯૭૬ | ૩૨૩૭૯ | ૨૮૬૯૦ |
| ગાભણ થયેલ પશુઓ | ૨૫૩૬૪ (૭૯%) | ૨૬૪૯૦ (૭૯%) | ૨૫૨૧૯ (૭૮%) | ૨૪૮૧૭ (૭૭%) | In process |

(સમગ્ર માહિતી : સાભાર ડૉ. બી.એમ. પટેલ, ડૉ. હેપી પટેલ, ડૉ. બી.એચ. પ્રજાપતિ અને ડૉ. એસ.એમ. દેસાઈ - વેટરનરી વિભાગ દૂધસાગર ડેરી)



# કાળઝાળ ગરમીથી પશુઓને સલામત રાખવાના સસ્તા ઉપાય

## દૂધસાગરના ડૉક્ટરની ડાયરી

## પશુઓમાં ગરમી સમયે હીટ સ્ટ્રેસ નિવારણ

દૂધાળા પશુઓની ઉત્પાદનશક્તિ તેમના શરીરનું જનિનય બંધારણ, વાતાવરણ તથા તેમના વચ્ચેની પ્રતિક્રિયા ઉપર આધાર રાખે છે. જનીનીય બંધારણ કાયમી હોય છે પરંતુ પશુના દૂધ ઉત્પાદન પર વાતાવરણની અસરોને નિયંત્રણ કરી શકાય છે. વાતાવરણનું તાપમાન અને ભેજ પશુની દૂધ ઉત્પાદન શક્તિ પર અસર કરતા મુખ્ય પરિબળો છે. તદ્ ઉપરાંત ખાસ કરીને ભેંસોમાં શરીરનો કાળો રંગ ગરમીથી થતાં તનાવમાં મહત્વનો ભાગ ભજવે છે. ઉનાળામાં ગરમીનો પારો આપણે ત્યાં ૪૫ સે. સુધી ઉંચે જાય છે ત્યારે દૂધાળા પશુઓમાં થતી ગરમીની અસરો અને તેને અટકાવવા માટે ગરમીના આ કાળઝાળ દિવસોમાં તે વિશે જાણીએ અને ઉપાયો શોધીએ.

**ખોરાકમાં થતો ઘટાડો :** જે ગરમીના પ્રમાણમાં હોય છે. ગરમીની અસર ટાળવા માટે થતી શારીરિક ક્રિયાઓ ઝડપી થવાથી મોટા ભાગની શક્તિ તેમાં વપરાઈ જાય છે. તેના કારણે પાચન શક્તિમાં ૧૫ ટકાનો ઘટાડો જોવા મળે છે. ઉનાળામાં દૂધ ઉત્પાદન ઘટી જવાનું મુખ્ય કારણ હલકી ગુણવત્તાવાળો અને જરૂર કરતાં ઓછો મળતો ઘાસચારો છે. જેના કારણે પશુને જરૂરિયાત કરતાં ઓછી શક્તિ મળવાથી દૂધ ઉત્પાદન સામાન્ય કરતાં નીચું જાય છે. દૂધાળા પશુઓમાં દૂધ બંધારણમાં ગરમીને કારણે અગત્યના ફેરફાર થાય છે. તેમાં તેમના ફેટના ટકા, ફેટ સિવાયના તત્વો (એસ.એન.એફ.) તથા કેસિન (પ્રોટીન) માં થતો મુખ્ય ઘટાડો છે. જે દૂધાળા પશુઓને વાતાવરણના ઉંચા તાપમાને રાખવામાં આવે છે તેમના દૂધમાં લેક્ટોઝ (શર્કરા) ના ટકાનો પણ ઘટાડો જોવા મળે છે.

- આજુબાજુના ગરમ વાતાવરણથી દૂધાળા પશુઓના ખોરાક અને ઉત્પન્ન થતા અંતઃસ્ત્રાવોમાં ઘટાડો થાય છે તથા ગરમી દૂર કરવા શરીરની વધારે શક્તિ વપરાય છે જેને કારણે વૃધ્ધિદરમાં ઘટાડો થાય છે.
- તાપમાનમાં વધારો થતાં પાણીની જરૂરિયાતમાં ૪૦ ટકા જેટલો વધારો જોવા મળે છે જેનું મુખ્ય કારણ ગરમીથી તેમના શરીરમાંથી ચામડી (અને શ્વાસ) દ્વારા પરસેવા રૂપે વધારે પાણીનો નિકાલ થાય છે.
- ગરમીથી પશુની પ્રજનન શક્તિમાં ઘટાડો થાય છે. ગાભણ થવાનો દર પણ ઠંડા મહિના કરતા ગરમ મહિનામાં ઘટી જાય છે. અંતસ્ત્રાવોમાં થતાં ફેરફારથી ભેંસો મુંગી ગરમીથી વેતરે આવે છે. જેથી એવા વેતર ચિન્હ વાળી ભેંસોને ઓળખવી મુશ્કેલ પડે છે અને તેથી વેતર ચૂકી જવાથી અથવા ખોટા સમયે બીજદાન કરવાથી પ્રજનન ક્ષમતામાં ઘટાડો થાય છે.
- ગરમીના તનાવથી પશુઓની વર્તણૂંકમાં ફેરફાર થાય છે. તે જાણી યોગ્ય નિદાન કરી ઉપાય કરી શકાય છે. પશુઓનો શ્વાસો શ્વાસોનો દર ૧૫ થી ૨૦ ટકા જેટલો વધી જાય છે. શરીરના ડાબી બાજુના ખાડાની ચામડી દ્વારા થતી હલન ચલન વડે જાણી શકાય છે. પશુઓના વધારે હાંફવાના કારણે ઘણી વખત આ સ્થિતિ ભયજનક બની જાય છે.

## ગરમીથી બચાવવાના ઉપાયો

- શેડની આજુબાજુ ઘાસ, નાના છોડ પણ સૂર્યપ્રકાશની ગરમીથી બચવામાં મહત્વનો ભાગ ભજવે છે.
- ઝડપી વધતા ઝાડની ૩ થી ૮ લાઈન મકાનથી ૨૫-૪૫ મીટર દૂર રાખવાથી ગરમ પવન રોકાઈ જાય છે.
- દૂધાળા પશુઓને બાંધવાના શેડનાં પતરાંને સફેદ ચુનાથી રંગવા જોઈએ.
- ચોવીસ કલાક ઠંડુ પાણી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.
- દૂધ દોહ્યા પહેલાં પશુને નવડાવવું તથા બાવલું ઠંડા પાણીથી સાફ કરવું.

## પાણીનો છંટકાવ : (ફોગર સિસ્ટમ)

- છત ઉપર ફુવારા ફીટ કરી પાણીનો છંટકાવ કરી શકાય છે. જે બપોરના સમયે ચાલુ કરવા જોઈએ તેનાથી દૂધાળા પશુઓમાં ખોરાક લેવાનું પ્રમાણ અને શરીરના વજનમાં વધારો થાય છે. ફોગર સિસ્ટમ એ આજના સમયમાં વધતા જતા ગરમીના સામે પશુઓને આરામ આપવા માટેની ઉત્તમ પધ્ધતિ છે. ઉપરાંત ઠંડક આપવાના સાધનો જેમ કે પંખા, પડદા, કોથળા, ખસટ્ટીનો ઉપયોગ તેમજ બંધ મકાનમાં એર કુલર અથવા એર કંડીશનની પધ્ધતિથી ગરમીનો તણાવ ઘટાડી શકાય છે.
- **ખોરાકમાં ફેરફાર કરીને :**
  એકસાથે નિરણ ન કરતાં ઘાસચારા નિરણની પધ્ધતિ ૬ થી ૮ ગણી વધારવી સામે ઘાસચારાની માત્રા નિરણ દીઠ ઘટાડવી, ઠંડા કલાકોમાં ખોરાક આપવો. તે ખારોક ઉત્તમ કક્ષાનો હોવો જોઈએ. જેમાં રેસાનું પ્રમાણ ઓછું હોય ગરમીના દિવસોમાં ખોરાકમાં રેસાનું પ્રમાણ ઘટાડવાથી ફાયદો થાય છે. દાણ કરતાં ઘાસચારો શરીરમાં વધુ ગરમી પેદા કરે છે. રેસાનું પ્રમાણ ઘટાડવાથી શરીરમાં ઓછી ગરમી ઉત્પન્ન થાય છે.
- સૂકા દ્રવ્યોનું પ્રમાણ ઘટવાથી શરીરમાં ઉર્જાનું પ્રમાણ જળવાતું નથી. આહારમાં શક્તિનું પ્રમાણ વધારવા માટે લીલા ઘાસચારાનું અને દાણનું પ્રમાણ જાળવવું જોઈએ. આહારમાં ચરબીનું પ્રમાણ વધારવું જોઈએ. આમ કરવાથી શક્તિનું પ્રમાણ વધશે.
- લીલા ઘાસચારનું પ્રમાણ વધારવું જેમાં પાણીની માત્રા વધારે (૭૦ ટકા) હોય છે.
- આહારમાં ખનીજતત્વોનું પ્રમાણ વધારવું કારણ કે ગરમીમાં પશુ ઓછો ખોરાક ખાય છે. તદ્ ઉપરાંત ખનીજ તત્વોનો નિકાલ વધી જાય છે. ખાસ કરીને પોર્ટેશિયમ , પરસેવા દ્વારા અને સોડિયમ પેશાબ દ્વારા વધુ નિકળે છે. જો સોડિયમ અને પોર્ટેશિયમ વધુ પ્રમાણમાં આપવામાં આવે તો ગરમીના સમયમાં દૂધ ઉત્પાદન વધે છે. દૂધાળા પશુઓને ખોરાકમાં દૈનિક ૩૦ ગ્રામ પાપડી ખાર અને ૧૦૦ ગ્રામ મિનરલ મિક્ષર આપવું.
- ગરમીના સમયમાં દૂધાળા પશુઓના ખોરાકમાં બીજા પૂરક તત્વોનો પણ ઉમેરો કરી શકાય છે. જેનાથી દૂધાળા પશુઓના શરીરનું તાપમાન અને શ્વસન પ્રક્રિયાઓ ઘટાડી દૂધ ઉત્પાદન જાળવી વધારી શકાય છે. આ પૂરક તત્વો પેટમાં (રૂમેનમાં) જીવાણુંઓનું કામકાજ ઉત્તેજીત કરી ઉપરોક્ત જણાવેલ ફાયદો કરે છે.
  એનિમલ કુલીંગ સિસ્ટમની સારસંભાળના મુદ્દા :-
  અનિમલ કુલીંગ સિસ્ટમની બહારના વાતાવરણ કરતાં તબેલામાં વાતાવરણ ૩૦ થી ૪૦ સે. જેટલું ઠંડું રહે છે. પશુને તણાવ ઓછો રહે છે. જેથી દૂધનું ઉત્પાદન તથા ફેટ જળવાઈ રહે છે.
- ફિલ્ટર અઠવાડિયે ખોલીને સાફ કરવું.
- ટાઈમર ઓન (ચાલુનો સમય) ૨-૩ સેકન્ડ અને ઓફ (બંધનો સમય) ૨૦-૨૫ સેકન્ડ રાખવો.
- ફોગર સિસ્ટમ સાથે પંખા લગાવવાથી સારો ફાયદો થાય છે.
- ફોગર સિસ્ટમ દિવસમાં એક થી બે વખત અવશ્ય ચલાવવી.

# સૂર્યોદય સમયે સંસ્થાના MD શ્રેષ્ઠ દૂધમંડળીઓને મળ્યા





**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)** દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં પશુપાલનનો વ્યવસાય વૈજ્ઞાનિક અભિગમને અપનાવતો થાય અને પશુપાલક વધુમાં વધુ દૂધ ઉત્પાદન કરી શકે તે દિશામાં દૂધસાગરના ચેરમેન શ્રી સહિત નિયામક મંડળ અને ઉચ્ચ અધિકારીઓ વચ્ચે સતત મનોમંથન ચાલતુ રહ્યું છે. જમીની સ્તર ઉપર દૂધ ઉત્પાદક અને દૂધ મંડળી વચ્ચે તાદાત્મયનો સેતુ સાધવાના ભાગરૂપે ગત માસના બે દિવસ દરમ્યાન વહેલી સવારે - દૂધ સંપાદન વેળાયે દૂધસાગરના MD શ્રી.ધીરજ કુમાર ચૌધરીએ આકસ્મીક રીતે શ્રેષ્ઠ દશ દૂધ મંડળીઓ પૈકી નવ મંડળીઓની મૂલાકાત લીધી હતી. જેમાં બાલવા-બાપુપુરા સૌલેયા-ચરાડા-પામોલ-મેઉ-ખેરાલુ ભાગ-વિઠોડા અને ડાવોલ દૂધ મંડળીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ મૂલાકાત દરમ્યાન દૂધસાગર ડેરીના સી.એસ. વિભાગના વડાએ MD શ્રીના માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી. વિવિધ દૂધ મંડળીઓના પદાધિકારીઓ અને કર્મચારીઓ સાથે વાર્તાલાપ કર્યો બાદ MD શ્રીએ નજીકના તબેલાઓની પણ મૂલાકાત કરી પશુપાલકોની લાગણી-માગણીને જાણવાનો પ્રયત્ન કર્યો હતો અને દૂધમંડળીઓને જરૂરી સૂચનો કરી વિવિધ સગવડો ઉભી કરવાના આગામી સમયના આયોજનો વિશે રોડમેપ તૈયાર કરવાના ડેરીતંત્રને જરૂરી આદેશો આપ્યા છે. નોંધનીય છે કે ; મહેસાણા જિલ્લા દૂધ સંઘના MD શ્રી ધીરજ કુમારની આ મૂલાકાત દરમ્યાન વિવિધ દૂધ મંડળીઓએ શાલ અને પુષ્પગુચ્છ થકી સંસ્થાના વહિવટીય વડાનું સ્વાગત કર્યું હતું.

# સહયોગના સુકાનીઓ સાથે બે શ્રેષ્ઠીઓ



દૂધસાગર ડેરીના કર્મચારીઓની શાખ અને પુરવઠા સહકારી મંડળી લી. એટલે કે સહયોગની સાધારણ સભાની પૂર્વ સંધ્યાએ વર્ષો જૂની પરંપરાને નિભાવતાં સહયોગના ચેરમેન શ્રી.ના આમંત્રણને માન આપી દૂધસાગરના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી અને MD શ્રી.ધીરજ કુમારે સહયોગના વ્યવસ્થાપક મંડળના સભ્યો સાથે ફોટો સેશન કરાવી અને સહયોગની સફળતા માટે તથા આગામી ભવિષ્યના ઉજળા પારદર્શક અભિગમને બિરદાવી સૌની સાથે વાર્તાલાપ કરી શુભકામનાઓ પાઠવી હતી.

(તસ્વીર : દૂધસાગર પત્રિકા)

# દૂધસાગરના કાર્યક્ષેત્રમાં

## અમૂલ મિલ્ક માઈક્રો ATM સુવિધાનો શુભારંભ




અમૂલ - દૂધસાગર - ફેડરલ બેન્ક અને DGV ના સંયુક્ત ઉપક્રમે દૂધ મંડળીઓને ડિઝીટલ દુનિયામાં લઈ જવાના ભાગરૂપે દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં અમૂલ મિલ્ક માઈક્રો એ.ટી.એમ ની સુવિધા ઉભી કરવાની શરૂઆત નંદાસણથી કરવામાં આવી છે. આ એ.ટી.એમ થી પશુપાલકો પોતાના ખાતામાં રહેલી જમા રકમ રોકડમાં ઉપાડી શકશે તથા જમા કરાવી શકશે. આ સુવિધામાં ભારતની કોઈપણ બેંકમાં નાણાં જમા કરાવી તેને ટ્રાન્સફર કરી શકાય તથા માસીક બચત ઉપરાંત ઈલક્ટ્રીક બીલ, ફાસ્ટટેગ, મોબાઈલ રીચાર્જ જેવી ઓનલાઈન સુવિધાઓનો લાભ લઈ શકાશે. આ માઈક્રો એ.ટી.એમ. ની સ્થાપનાથી દૂધ મંડળીના રોકડ ઉપાડ ઉપર ભારત સરકારની લાગતી TDS ના કરમાંથી મુક્તિ મળશે, દૂધ મંડળી દ્વારા દૂધના પેમેન્ટની રકમ સીધી દૂધ ઉત્પાદકોના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે અને દૂધ ઉત્પાદકો પોતાના નાણાં આ એ.ટી.એમ. દ્વારા મંડળી ઉપરથીજ રોકડમાં ઉપાડી શકશે. આ સુવિધાથી દૂધ મંડળીના મંત્રીને બેન્કમાં રોકડ રકમ લેવા જવાની પ્રથા સદંતર બંધ થઈ જશે અને CMS વાહન દ્વારા દૂધ મંડળીમાં રકમ પહોંચાડવાની વ્યવસ્થા ઉભી કરાશે. દૂધ ઉત્પાદકોના બેન્ક ખાતા દૂધ મંડળી ઉપરથી જ ખોલાવી શકાશે તથા દરેક લેવડ-દેવડ વખતે દૂધ મંડળી અને મંત્રીને નાણાંકીય વળતર અપાશે. દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતી શ્રી નંદાસણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. માં છેલ્લા ૩૮ વર્ષથી મંત્રી પદે ફરજ બજાવતા સૈયદ મહંમદ ઈસ્માઈલ મહંમદ હુસેન એક પત્ર દ્વારા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી.અશોકભાઈ ચૌધરીનો આભાર માનતા જણાવી રહ્યા છે કે તેઓની દૂધ મંડળીને આ સુવિધા પ્રાપ્ત થતાં ગ્રાહકો તથા દૂધ મંડળીના મેનેજમેન્ટને રાહત પહોંચવા પામી છે. બેન્કોની લાંબી લાઈનોમાં ઉભા રહેવાનું કષ્ટ દૂર થતાં સમયનો બચાવ થવા પામે છે. તેઓ જણાવે છે કે ; બેન્કો દ્વારા ટી.ડી.એસ. કપાત થતાં તમામ વ્યવહાર બેન્ક દ્વારા કરવામાં આવે છે. આ સુવિધાને કારણે નાણાંકીય લેવડ-દેવડની સુવિધા સરળ બનવા પામી છે. દૂધસાગર ડેરી દ્વારા DGV કંપની સાથેની અનેક બેઠકોને અંતે ફેડરલ બેન્કના સહયોગથી જાન્યુઆરી -૨૦૨૨ થી તેમની દૂધ મંડળીમાં આ સુવિધા શરૂ થતાં ગ્રાહકો અને મંડળીના કર્મચારીઓને અત્યંત રાહતની લાગણી અનુભવાઈ રહી છે. દિશા સૂચિત છે કે ; દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આવતી જે દૂધ મંડળીઓ ઉપરોક્ત સુવિધાનો લાભ લેવા માગતી હોય તેમણે ૧૫ જુલાઈ - ૨૦૨૨ પહેલાં વહેલા તે પહેલાં ના ધોરણે પ્રથમ ૧૦૦ દૂધ મંડળીઓને વિના મૂલ્યે આ માઈક્રો એ.ટી.એમની સુવિધા આપવાની હોઈ અત્યારથી જ આ અંગે કાર્યવાહી કરી દેવી જોઈએ નોંધનીય છે કે, આ સુવિધાનો હાલમાં ૨૭ દૂધ મંડળીઓ લાભ લઈ રહી છે.

**( DGV માટે સંપર્ક કરો : શ્રી નિતીનભાઈ મો.૮૯૮૦૮૦૫૩૨૪)**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રી: મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા